**–: નમૂનો – અ :–**

सत्यमेव जयते

**કપરાડાના મહે. જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, તા.કપરાડા, જિ.વલસાડ.**

**ચુકાદાની તા.૦૪/૦૮/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૪૮/૨૦૨૬**
**આંકઃ–૨૦**

| ગુન્હાની વિગત | |
|---|---|
| ગુન્હાની કલમઃ | બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ગુના રજી. નં.૧૧૨૦૦૦૫૦૨૪૧૫૬૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશનઃ | નાનાપોંઢા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષઃ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફેઃ | વિ.એ.પી.પી.શ્રી પી.એચ.ગામીત |
| આરોપીઃ | **ખાલપભાઈ ગોપજીભાઈ ગુબાડીયા**<br>ઉ.વ.૪૦, વ્યવસાયઃ ખેતી,<br>રહે. અરણાઈ માની ફળીયા, તા.કપરાડા જી.વલસાડ |
| આરોપી તરફેઃ | વિ. વકીલશ્રી વી.સી.પટેલ |

**–: નમૂનો – બ :–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૪/૧૧/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૧/૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

**આરોપીની વિગતઃ-**

| ક્રમ. | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ખાલપભાઇ ગોપજીભાઇ ગુબાડીયા** | ૧૪/૧૧/૨૦૨૪ | ૧૪/૧૧/૨૦૨૪ | બી. એન. એસ.ની કલમ-૨૮૧ મુજબ | નિર્દોષ | - | - |

**-: નમૂનો - ક :-**

**-:: સાહેદોનું લિસ્ટ ::-**

**અ. ફરિયાદપક્ષ તરફે સાહેદોઃ**

| અનુ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૯ | ભીખુભાઇ કાળુસિંહ બારીયા | ત.ક.અમલદારશ્રી |
| પી.૨ | ૧૨ | ગણપતભાઇ આબુભાઇ ભોયા | પંચ સાહેદ |
| પી.૩ | ૧૪ | જસુભાઇ માંદુભાઇ કાંકડ | પંચ સાહેદ |

**-: : દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ : :-**

**બ. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજ**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરીયાદ |
| ૨ | ૧૩ | અસલ પંચનામુ |

## –: : ચુ કા દો : :–

(૧) આ કામે ફરિયાદીની ફરિયાદ હકીકત ટૂંકમાં નીચે મુજબ છે.

(૨) આ કામના ફરીયાદી મનોજભાઇ વસંતભાઇ ખાંડરા નાઓએ તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ નાનાપોંઢા પોલીસ સ્ટેશનના પો.સ્ટે. અમલદાર રૂબરૂ આ કામની ફરિયાદ આપી જણાવેલ છે કે, આજ રોજ એટલે કે, તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ તથા અ.હે.કો. ભીખુભાઇ કાળુસિંહ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે નાનાપોંઢા ચાર રસ્તા પાસે રોડ ઉપર વાહન ચેકીંગમાં હતા. તે દરમ્યાન વાપી રોડ તરફથી એક સફેદ કલરની ઇક્કો કારનો ચાલક તેની ઇક્કો કાર લોકોની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હોય જેથી તેઓએ નાનાપોંઢા ચાર રસ્તા પાસે ઇક્કો કારને રોડની સાઇડમા ઉભી રાખવા માટે લાકડી વડે ઇશારો કરતા ઇક્કો કાર ચાલકે પોતાની ઇક્કો કાર પુરઝડપે અને ગફલતભરી રીતે બેફામ હંકારી લાવી ઉભી કરેલી. જેથી સાથેના અ.હે.કો. ભીખુભાઇ કાળુસિંહ નાઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ સદર ઇક્કો કાર ચાલકનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ખાલપભાઇ ગોપજીભાઇ ગુબાડીયા, રહે.અરણાઇ માની ફળિયા, તા.કપરાડાનો હોવાનુ જણાવેલ. તેના કબજાની એક સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર નો રજી.નં. GJ-15-CJ-1204 છે. જેથી આ કામના આરોપી ખાલપભાઇ ગોપજીભાઇ ગુબાડીયા નાઓએ પોતાના કબ્જાની એક સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં.GJ-15-CJ-1204 ની બીજાની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવેલ હોય, જેથી ફરીયાદીએ તેના વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબ ધોરણસર થવા હાલની ફરીયાદ કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબનો ગુનો નોંધી, તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપીને અટક કરી, પંચનામું કરી,

લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો જણાતાં, ઇન્સાફી કાર્યવાહી થવા સારું આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૪) આ કામે આરોપીને સમન્સ બજી જતાં, તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમા હાજર થયેલ છે અને આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૭ થી આરોપીનું નિવેદન લેતાં આરોપીને ગુનો કબૂલ છે કે કેમ ? તેમ પૂછતાં, આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી આરોપી વિરુધ્ધ કેસ આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ઉપરોક્ત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી. ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવો લીધા બાદ, કેસનું રેકર્ડ જોઇ તપાસી, ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પુરાવો પૂરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૬) આ કામના આરોપી તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી.

(૭) આ કામે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપી તેના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે. તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી. ગુનામાં સંડાવાયેલ વાહન તેઓ ચલાવતાં ન હતાં. પોલીસે કામગીરી બતાવવા માટે ખોટી ફરિયાદ ઉભી કરી, તેમની ખોટી રીતે સંડોવણી કરેલ છે અને ખોટી તપાસ કરી કોઇ પુરાવો ન હોવા છતાં, ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૮) આ કામે અમોએ ફરિયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી બી.એસ.ભોયે તથા આરોપીના વિ.વકીલશ્રી વી.સી.પટેલની દલીલો સાંભળેલ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષની હકીકત જોતાં, આ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે, તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ કલાક-૧૯/૧૦ વાગ્યે, મોજે નાનાપોંઢા ચાર રસ્તા પાસે, તા.કપરાડા, આ કામના આરોપીએ તેના કબજામાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં. GJ-15-CJ-1204 ને કોઇ વ્યકિત કે માણસોની જિંદગી જોખમમા મુકાય કે અન્ય વ્યકિતઓને વ્યથા કે હાની થવાનો સંભવ હોય તે રીતે પૂરઝડપે, બેદરકારી, નિષ્કાળજીથી અને ગફલતભરી રીતે ચલાવી આવતા પકડાઇ જઇ, બી.એન. એસ. ની કલમ-૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ માટે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં...**

**૨. આખરી હુકમ મુજબ...**

**-: કા ર ણો :-**

મુદ્દા નંબર.૧

(૧૧) આ કામે ફરિયાદપક્ષે આંક-૦૯ થી ત.ક.અમલદાર ભીખુભાઇ કાળુસિંહ બારીયાને સોગંદ ઉપર તપાસેલ છે. ત.ક.અમલદાર ભીખુભાઇ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે, બનાવના અરસામા તેઓ નાનાપોંઢા પો.સ્ટે.મા હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી મોજે નાનાપોંઢા ચાર રસ્તા પાસે રોડ ઉપર વાહન ચેકીંગની

કામગીરીમાં હતા. તે દરમ્યાન વાપી રોડ તરફથી એક ઇક્કો કાર રજી.નં.GJ-15–CJ-1204 નો ચાલક પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તે રીતે પોતાની ગાડી ચલાવી આવતો હોય. સદર ચાલકને પોલીસે લાકડીના ઇશારે ઉભો રખાવી પંચોની હાજરીમા તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ–ખાલપભાઇ ગોપજીભાઇ ગુબાડીયા, રહે.અરણાઇ, માની ફળિયુ, તા.કપરાડા વાળો હોવાનુ જણાવેલ. તેના વિરુધ્ધ કાયદેસર થવા માટે તેમની સાથેના પો.કો. મનોજભાઇ વસંતભાઇ ખાંડરા નાઓએ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબની ફરીયાદ આપેલ, જે ફરીયાદ આ કામે આંક–૧૦ થી રજુ કરેલ છે, જેમા તેઓ મનોજભાઇની સહી ઓળખી બતાવે છે. ત.ક.અમલદાર તેની જુબાનીમાં વધુમાં જણાવે છે કે, સદર ગુનો રજી. થતા આગળની તપાસ તેઓએ સંભાળેલ અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ ગુનાની જગ્યાનુ પંચનાનુ કરેલ અને આરોપીને અટક કરેલ અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય, ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે.

(૧૨) ત.ક.અમલદાર ભીખુભાઇની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યાં સતત વાહનોની અવર જવર રહે છે. ત.ક.અમલદાર એ હકીકત પણ સ્વીકારે છે કે, કહેવાતી બનાવવાળી જગ્યા ચોકડી છે. ત.ક.અમલદાર એ હકીકત કબૂલ રાખે છે કે, આ ચોકડીએ ચારે બાજુ ગતિ અવરોધક બંપ આવેલ છે. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોઇ ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ છે. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, તેઓની પાસે વાહનની સ્પીડ માપવા માટે કોઇ યાંત્રિક મશીન નથી. ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે, કહેવાતી બનાવવાળી જગ્યાની આજુબાજુ દુકાનો, હોટલો આવેલ છે અને ત્યાં લોકોની તથા વાહનોની સતત અવરજવર રહે છે.

(૧૩) ત.ક.અમલદારનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમની જુબાનીમા આરોપી પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હોય, તેનું વાહન ઉભું રખાવેલ હોવાનુ જણાવે છે. પરંતુ તેઓ ઉલટતપાસમાં કબૂલ રાખે છે કે, કહેવાતી બનાવવાળી જગ્યા ચોકડી છે તેમજ આ ચોકડીએ ચારે બાજુ ગતિ અવરોધક બંપ આવેલ છે અને ચોકડીની આજુબાજુ દુકાનો તેમજ હોટલો આવેલ છે અને ત્યાં સતત લોકોની તથા વાહનોની અવરજવર રહે છે. જેથી આવા માનવ વસ્તીવાળા વિસ્તારમાં તેમજ ચારે બાજુ ગતિ અવરોધક બંપ આવેલ હોય, તે જગ્યાએ આરોપીએ તેનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય, તે હકીકત સાચી લાગતી નથી. જેથી ત.ક.અમલદારે તેની જુબાનીમા જણાવેલ હકીકત શંકા ઉત્પન્ન કરે છે અને તે માનવાલાયક લાગતી નથી.

(૧૪) આમ, ફરિયાદપક્ષ તરફે તપાસેલ ત.ક.અમલદારનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓ તેમની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી હકીકત જણાવેલ નથી. જેથી ત.ક.અમલદારનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૧૫) આ કામે ફરિયાદપક્ષે આંક–૧૨ થી પંચસાહેદ ગણપતભાઇ આબુભાઇ ભોયાને તથા બીજા પંચ સાહેદ જસુભાઇ માંદુભાઇ કાંકડને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદરહું પંચ સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને પો.સ્ટે. બોલવી એક તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતાં તેઓએ સહી કરી આપેલી. તેઓએ જે સહી કરી તે કાગળમાં શું લખેલ હતું તે તેઓએ વાંચેલ નહિ કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહિ. તેઓ પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેઓની રૂબરૂ કોઇ કાર્યવાહી કરેલ નથી. સહી સિવાય પંચનામાની કોઇ વિગત તેઓ જાણતાં નથી. આરોપીને તેઓ ઓળખતાં નથી. પોલીસે તેમની રૂબરૂ કોઇ પંચનામુ કરેલ નથી. ફરિયાદપક્ષે આંક–૧૩ થી પંચનામું રજુ કરેલ છે. જેમાં સદર પંચ સાહેદો પોતાની સહી ઓળખી બતાવે છે. સદરહુ પંચ સાહેદો આંક–૧૩ થી રજૂ પંચનામાની હકીકત ને સમર્થનકારક પુરાવો ન આપતાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા પંચ સાહેદોને ફરી ગયેલાં

જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચ સાહેદોની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામા આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવામા આવેલ હોવા છતાં સદર પંચ સાહેદો આંક–૧૩ થી રજૂ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતાં નથી.

(૧૬) સદર પંચ સાહેદોની આરોપી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં માત્ર સહી કરેલ અને સહી સિવાય પંચનામાની બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી. આ ઉપરોક્ત પંચસાહેદો તેમની જુબાનીમાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. સદરહુ પંચ સાહેદો તેમની જુબાનીમાં ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતાં નથી અને પંચનામાની હકીકત કરતાં તદ્દન વિરુધ્ધનો પુરાવો આપેલ છે. જેથી તેમનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થતો નથી અને ફરિયાદપક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૭) હાલના કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુનાનો આક્ષેપ છે. સદરહુ આક્ષેપિત ગુનાની સાબિતીનો બોજો સૌ પ્રથમ ફરિયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનો પુરવાર કરવા નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે કે,

૧. અકસ્માતનો બનાવ જાહેર માર્ગ ઉપર બનેલ છે.

૨. વાહન આરોપી હંકારતો હતો.

૩. આરોપી વાહન બેદરકારી, નિષ્કાળજીથી અને બેફામ રીતે હંકારતો હતો અને તે માનવ જીવન માટે ભયજનક હતું અને તેનાથી વાગવાનો કે ઈજા થવાનો સંભવ હતો.

(૧૮) આમ, આરોપીએ તેના કબજામાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં.GJ-15-CJ-1204 ને કોઇ વ્યકિત કે માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા વ્યકિતને વ્યથા થવાનો સંભવ હોય તેવી પુરઝડપે, બેદરકારી, નિષ્કાળજીથી અને ગફલતભરી રીતે ચલાવી ગુનો કરેલ છે, તે હકિકત ફરિયાદપક્ષે પુરવાર કરવી પડે. પરંતુ માત્ર આરોપી વાહન હંકારતો હોય તો તેનાથી આરોપીને દોષિત માની શકાય નહિ અને આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુના સબબ કસૂરવાન ઠરાવી શકાય નહિ. કારણ કે, આરોપી વાહન પુરઝડપે, નિષ્કાળજીથી અને બેદરકારીપૂર્વક ચલાવતો હતો, તેવું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવુ પડે. આ કામે ફરિયાદપક્ષે તપાસવામા આવેલ ત.ક.અમલદાર તથા પંચસાહેદોની જુબાની વંચાણે લેતાં, આ કામના આરોપીએ તેના કબજામાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં.GJ-15-CJ-1204 ને બનાવના સ્થળે પુરઝડપે, નિષ્કાળજીથી અને બેદરકારીથી ચલાવી ગુનો કરેલ છે, તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તદઉપરાંત બનાવવાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યાં સતત વાહનોની અવરજવર રહે છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં, તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો ત.ક.અમલદારે લીધેલ નથી કે તેવા કોઇ તટસ્થ સાહેદોને ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૯) આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ત.ક.અમલદાર તેની જુબાનીમા બનાવ સમયે આરોપી તેના કબજામાનું વાહન પુરઝડપે, બેદરકારી અને નિષ્કાળજીથી ચલાવતો હોય, તે સંદર્ભે કોઇ સચોટ પુરાવો આપેલ નથી. તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે બીજા કોઈ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. જ્યારે ફરિયાદપક્ષનો પુરાવો જોતાં બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે એટલે તપાસ કરનાર અમલદારને બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં કોઇ સાહેદોના નિવેદનો તેમણે નોંધેલ નથી કે તેવા કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમા માત્ર પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપી સામેનો ગુનો પુરવાર થયાનું માની શકાય નહિ.

કારણ કે, પોલીસ સાહેદના પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ જોઇએ જે આ કામે થયેલ નથી. જેથી પણ આરોપીએ બનાવના દિવસે સમય અને સ્થળે જાહેર રોડ ઉપર માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવાનો સંભવ હોય તે રીતે પોતાના કબજામાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં.GJ-15–CJ-1204 ને બેદરકારી, નિષ્કાળજીથી, ગફલતભરી રીતે તેમજ પૂરઝડપે ચલાવેલ હોય, તેવું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. તદઉપરાંત સદર કામે ફરિયાદપક્ષે તપાસેલ પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે અને તેઓ તેમની જુબાનીમા ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. ઉલટાનું આ કામે તપાસેલ પંચ સાહેદો તેમની જુબાનીમાં એવું જણાવે છે કે, પોલીસે તેમની રૂબરૂ કોઇ પંચનામું કરેલ નથી. જેથી ફરિયાદપક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨૦) આમ, કેસના તમામ સંજોગો જોતાં અને સમગ્ર પુરાવો વંચાણે લેતાં આરોપી વિરુધ્ધ સદરહુ ગુનો કર્યા બાબતનો કોઇ વિશ્વાસપાત્ર પુરાવો જણાય આવતો નથી કે આરોપીની ગુનાનીમા સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે તપાસેલ પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. જેથી ફરિયાદપક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે અને આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૧) આ કામે ત.ક.અમલદાર તથા ફરિયાદપક્ષે તપાસેલ પંચ સાહેદોના પુરાવાને ધ્યાને લેતાં ફલિત થાય છે કે, બનાવના દિવસે સમય, સ્થળે આ કામના આરોપીએ તેના કબજામાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો કાર રજી.નં.GJ-15-CJ-1204 ને કોઇ વ્યકિત કે માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવાનો સંભવ હોય અને અન્ય વ્યકિતઓની જિંદગી કે સલામતી જોખમમાં મુકાય તે રીતે પૂરઝડપે, નિષ્કાળજીથી, બેદરકારીથી,ગફલતભરી રીતે ચલાવી ગુનો કરેલ હોય, તેવી હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

આમ, ઉપરોક્ત સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો તુલનાત્મક વિશ્લેષણ કરતાં, કરેલ ચર્ચાના અંતે ફરિયાપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેતાં, તેમાં રેકર્ડ ઉપર ગંભીર તફાવત અને વિરોધાભાસ ઉત્પન્ન થયેલ છે તેમજ આરોપીને ગુનામાં સંડોવતી કોઇ નકકર હકીકતો બહાર આવતી નથી. વધુમાં ફોજદારી કાર્યરીતિના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ કોઇપણ જાતની શંકાને પાર પુરવાર કરવાનો રહે છે અને જો કોઇ શંકા રહેલી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે અને આરોપી સામેનો ગુનો નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી. **તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

## –: : આ ખ રી હુ ક મ : :–

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવા. જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– ના નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૦૪ થી, માહે – ઓગસ્ટ, સને – ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૪/૦૮/૨૦૨૬**
**કપરાડા**

**(કમલેશ કિશનચંદ નાથાણી)**
**જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કપરાડા, જિ. વલસાડ.**
**Code No. GJ 01449**